# અરવલ્લી જીલ્લાની રાવતાવાળા પ્રાથમિક શાળાના જર્જરીત મકાનમાં જીવના જોખમે અભ્યાસ કરતા ભુલકાઓ


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૬ રાજય સરકાર ધ્વારા દર વર્ષે શિક્ષણ માં નવિનીકરણ લાવવા અને શિક્ષણ નીગુણવત્તા સુધારવા માટે રાજય ના શિક્ષણ રૂપીયા ધ્વારા કરોડો રૂપિયા નો ખર્ચો કરવામાં આવે છે. ગઈકાલે જ ડો રાધાકૃષ્ણ સર્વપલ્લી ના જન્મ દિવસે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ સમગ્ર દેશ ના વિદ્યાર્થીઓ ને લાઈવ કોન્ફરન્સ ધ્વારા સંષોધન કરવામાં આવ્યુ હતુ ત્યારે આ પ્રાથમીક શાળા ના ભુલકાઓ ના દેશના વડાપ્રધાન નરેન્દ્રમોદી અને રાજય ના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ ને એક આજીજી હતી કે સાહેબ એક નજર ઈધર ભી.....ત્યારે આદિવાસીઓ ના વિકાસ માટે ગુજરાત રાજય ની સરકાર ધ્વારા મસમોટી જાહેરાતો કરી કરોડો રુપિયાની યોજનાઓ બનાવવામાં આવે છે. પરંતુ શુ આ યોજનાઓ માત્ર કાગળ પુરતી સમિત છે???કે પછી આદિવાસીઓ સુધી પહોચતી નથી તેવુ આ પ્રથમીક શાળા ને જોયા પછી અહેસાસ થાય છે.

અરવલ્લી જીલ્લા ના ભીલોડા તાલુકાના શામળાજી થી ૧૫ કિમી દુર આવેલ રાવતાવાળા પ્રા શાળ ામાં ધો ૧ થી ૮ ની પ્રા શાળા આવેલી છે. આ શાળા માં ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ જર્જરીત મકાન અને અપુરતા ઓરડા હોવાને લઈ ને ખૂલલા માં અધ્યાસ કરવાનો વારો આવેલ છે. આ શાળા માં સુવિધા ના નામે ફકત મિંડુ જ છે તેવુ કહીએ તો પણ ખોટુ નથી કારણ કે આ શાળા નુ મકાન એકદમ જર્જરીત હાલત માં છે જયારે આ સ્કુલ ની સ્થાપના સને ૧૯૭૮ માં કરવામાં આવી હતી જયારે આ શાળામાં ૧ થી ૮ ધોરણ માં માત્ર ૫ શિક્ષકો નો સ્ટાફ આવેલો છે. જયારે પુરતા વર્ગખંડો પણ નથી અને જે વર્ગખંડો છે તે પણ પડુ પડુ ની સ્થીતી માં છે. રૂમો ની છત તુટી ગયેલ છે અને ચોમાસા મા તો વરસાદ નુ પાણી સીધુ

રૂમો માં ભરાઈ જાય છે. શાળા માં પીવાના પાણી ની વ્યવસ્થા પણ નથી ના તો શૌચાલય નીવ્યવસ્થા છે ત્યારે અહિયા ક્ષોભજનક વાત તો એ છેકે આ શાળા માં શૌચાલય ની વ્યવસ્થા ના હોવાને કારણે શાળા માં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ ને પણ કુદરતી હાજતે ખુલ્લા માં જવુ પડે છે તો લાઈટ ની વ્યવસ્થા પણ નથી જયારે સરકાર ધ્વારા શિક્ષણ ના આધુનીકરણ માટે જે કોમ્પ્યુટર ફાળાવવામાં આવ્યા છે તે પણ શોભાના ગાંઠીયા સમાન છે. જયારે આ શાળા ના આચાર્ય ધ્વારા છેલ્લા આઠેક મહિનાથી આ શાળા ના ઓરડાઓ ને નોનયુઝ માટે પણ જીલ્લા કક્ષા એ અને તાલુકા કક્ષા એ લેખીત અને મૌખીક રજુઆત કરવામાં આવી છે. પરંતુ અધિકારીઓ ધ્વારા આ ગરીબ આદિવાસીઓ ને જાણે કે કોઈ સુવિધા જ ના મળે તેમાં રસ હોય તેવુ લાગી રહયુ છે. જયારે આ શાળા માં ભણતા ભુલકા ઓ ને ભણવુ છે પણ ભણવા માટે હનજુ સુધી પરુતા પ્રમાણ માં પુસ્તાકો પણ મળ્યા નથી +૫ ના વચ્ચે માત્ર ૩ જ ચોપડીઓ ના સેટ મળ્યા છે.અને કોઈ ભૌતિક સુવિધા નથી ત્યારે શુ રાજય ના શિક્ષણમંત્રીશ્રી આ સ્કુલ ના આ ગરીબ આદિવાસી ભુલકાઓ ને સુવિધાયુકત શિક્ષણ પુરૂ પાડશે ખરા????



# ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના તાળાં ખુલ્યાં

## તંત્ર સાથે સમજુતી થતાં અને કામ પુરાં કરવાની ખાતરી મળતાં સરપંચ એસોસીએશને તાળાં ખોલ્યાં

ખેડબ્રહ્મા, તા. ૬ ખેડબ્રહ્મા તાલુકા પંચાયતને સરપંચ એસોસીએશન દ્વારા ગુરૂવારે તાળાંબંધી યોજાયા બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું. અને જિલ્લાવિકાસ અધિકારીના પ્રતિનિધિ તથા તાલુકાના ટોચના અધિકારીઓની એસોસીએશનની બેઠકમાં પડતર પ્રશ્નો અંગે સમજુતી સધાતા તથા કામ પુરા કરવાની ખાતરી મળતા સરપંચ એસોસીએશને તાળાં ખોલી લીધાં હતા. આ વિવાદનો સુખદ ઉકેલ આવતાં તંત્રે લાભાર્થીઓ તથા મુલાકાતીઓએ રાહતનો દમ લીધો હતો.


ખેડબ્રહ્મા તાલુકા પંચાયતને ગુરૂવારે તાળાબંધી કર્યા બાદ સરપંચ એસોસીએશનના પડતર પ્રશ્નોના ઉકેલ માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂવારે મોડી સાંજે જિલ્લા વિકાસ અધિકારીના પ્રતિનિધિના જિ.વિ. અધિકારી ખપેડ - પ્રાંત અધિકારી પ્રજાપતિ - મામલતદાર મોદી તથા આસી. ટી.ડી.ઓ. વાઘડીયાએ સરપંચ એસોસીએશનના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં વિવિધ વિકાસ યોજનાના પડતર પ્રશ્નો અંગે ચર્ચા થઈ હતી અને આવેદન પત્ર આપ્યા બાદ ત્રણ દિવસમાં કરવામાં આવેલ કામગીરીથી બેઠકને વાકેફ કરવામાં આવી હતી. બેઠકમાં એસોસીએશન સાથે સમજુતી સધાઈ હતી અને બાકી કામો સરકારના નિયમો મુજબ પુરાં કરવાની ખાતરી આપવામાં આવી હતી. જેનાથી સરપંચ એસોસીએશને સંતોષ થતાં તાલુકા પંચાયતને લગાવેલા તાળા ખોલી લેવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા ટી.ડી.ઓ. કે.જે. પટેલ લાંબી રજાઓ ઉપર ઉતરી જતાં તેઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. સરપંચ એસોસીએશન વતી પ્રમુખ વિનોદભાઈ પી. પટેલ - મટોડા, સરપંચ શામળભાઈ પટેલ - નાડા સરપંચ રૂમાલભાઈ ધ્રાંગી સહીત બંને તાલુકાના તમામ સરપંચ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સલાલમાં પેટ્રોલ પંપના માલિક તરીકે ઓળખાણ આપી ગઠિયા વેપારીને છેતરી ગયા

પ્રાંતિજ, તા. ૬ પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે નેશનલ હાઈવે પર આવેલ એક કરિયાણાની દુકાન બે ભેજાબાજ ગઠિયાઓએ વેપારીને છેતરીને રૂપિયા ૧૫,૩૦૦ ચુનો લગાવી ગયા હતા. નવી નક્કોર કાર લીને આવેલા આ ગઠિયાઓએ વેપારીને પેટ્રોલપંપના માલિક હોવાની ઓળખાણ આપી આ છેતરપીંડી આચરી હતી.

સલાલમાં હાઈવે પર આવેલ તુલસી કરિયાણા નામની દુકાનના માલિક રાજુભાઈ પાસે આજે સવારે નવી નકોર પાસીગં નંબર વગરની સ્વીફ્ટ ડીઝાયર કાર લઈને બે શખ્સો કરિયાણાનો માલ-સામાન ખરીદવા આવ્યા હતા. આ ગઠિયાઓએ વાતવાતમાં તેમની ઓળખાણ પેટ્રોલપંપના માલિક તરીકે આપી રાજુભાઈ સાથે મીઠી વાતો કરી હતી. આ દરમિયાન તેમણે ખરીદેલા માલને કારની ડેકીમાં મુકાવડાવી પૈસા કારની પાછળની સીટ પર પડ્યા છે તેમ કહી એક શખ્સ પૈસા લેવા ગયો. પછી પૈસાનો આપણે પેટ્રોલ પંપ પર જ ભુલી ગયા તેવુ કહી પોતાના પાકીટમાંથી રૂપિયા ૩૦૦૦ વેપારીને ચુકવ્યા અને બાકીના પૈસા માટે પોતાનો મોબાઈલ નંબર આપ્યો હતો. આ ઉપરાંત તેમણે રાજુભાઈને વિશ્વાસ ના હોય તો બાકીના પૈસા લેવા તમારા માણસને સાથે મોકલો તેવુ કહી વિશ્વાસમાં લઈ લીધા હતા.

વેપારીએ તેમની વાતોમાં આવી જઈ તેમને માલ લઈને જવા તો દીધા પરંતુ થોડા સમય બાદ શંકા જતા આપેલ મોબાઈલ નંબર પર ફોન કર્યો હતો. ત્યારે ફોન સ્વીચ ઓફ આવતા તેમને છેતરાયાનો અહેસાસ થયો હતો. આ ઘટના બાદ રાજુભાઈ તુરંત જ પ્રાંતિજ પોલીસસ્ટેશને દોડી ગયા હતા અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલા જ્ઞાન સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત પોશીના નજીકની અજાવાસ જૂથ અને પોશીના પ્રાથમિક શાળામાં વિવિધ સ્પર્ધા અને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આ શાળા પરિવારના સભ્યો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.



ઊંઝા ખાતેની જી.મ. કન્યા વિદ્યાલયમાં આચાર્યા તરીકે ફરજ બજાવતા ડૉ. રેખાબેન પટેલની ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ આચાર્ય પારિતોષિક એવોર્ડ માટે પસંદગી થતાં શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવી ગૌરવ અને આનંદની લાગણી વ્યક્ત કરી છે. શિસ્ત, સંસ્કાર અને શિક્ષણના આગ્રહી એવા ડૉ. રેખાબેન પટેલની કાર્યકુશળતા અને જરૂરતમંદ વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય કરવાની ભાવના સરાહનીય રહી છે.

# અરવલ્લી જિલ્લામાં અનાધાર મેઘમહેર છતાં અંબાજી પગપાળા જતા સંઘોનો અવિરત પ્રવાહ ચાલુ

મોડાસા, તા. ૬ શ્રાવણ માસના તહેવારોનો અંત અને પગપાળા યાત્રા કરવાનો મહિમા એટલે ભાદરવો મહિનો આ ભાદરવા માસમાં રાજસ્થાનમાં આવેલ રામદેવજી મહારાજના જન્મ સ્થળ રામદેવરા યાત્રા અને ભાદરવી પૂનમમાં અંબાજી પગપાળા યાત્રા ખુબ જ અનેરૂ મહત્વ ધરાવે છે.

અરવલ્લી જિલ્લામાં આજે વિવિધ વિસ્તારોમાં અનાધાર વરસાદ વરસવા છતાં પંચમહાલ જિલ્લા અને વડોદરા જિલ્લામાંથી પગપાળા યાત્રાએ નિકળએલા સંઘનો ઘસારો ખુબ જ મોટા પ્રમાણમાં જોવા મળતો હતો. અંબે મા માં શ્રદ્ધા ધરાવનાર અને આસ્થા રાખનારા શ્રદ્ધાળુઓ અને પગપાળા યાત્રીઓ વરસાદ હોવા છતાં ખુબ જ હર્ષોલ્લાસથી અને 'બોલ મારી અંબે જય જય અંબે'ના નારાઓથી મોડાસા શહેરના રસ્તાઓ ગાજી ઉઠ્યા હતા. આવા જ એક



પગપાળા જતા યાત્રારથ 'જય અંબેમાં પગપાળા યાત્રાસંઘ માલવ ગામ'ના માતાજીના રથે ખુબ જ કુતુહલ જમાવ્યું હતું.

અંબાજી મંદિરના આબેહૂબ અને અદ્દલ લાગતા માતાજીનો રથ મોડાસા શહેરમાંથી પસાર થતા આકર્ષણ જમાવ્યું હતું. આ રથને નિહાળવા મોડાસા શહેરના રસ્તાઓ વચ્ચે ભીડ જામી હતી. લોકો આ રથના દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. આ માતાજીના રથની રચના એટલી કલાત્મક અને બારીકાઈથી મોડાસા શહેરના વર્ષોથી નિકળતા જળદેવી માતા સોનીવાડા યાત્રા સંઘ તેમજ પાંડુરંગ સોસાયટીમાંથી નિકળતા મા આદ્યશક્તિ અંબેમાં યાત્રાસંઘે પણ આજે અંબાજી જવા પ્રસ્થાન કર્યું હતું. તેમજ ઘણા બધા યાત્રા સંઘોએ પણ આજે ધામધૂમપૂર્વક પ્રસ્થાન કર્યું હતું.

# મોડાસાના રાજપુર ગામમાં શ્રી રામદેવજી મંદિરમાં નેજા મહોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૬ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ રાજપુર ગામમાં અતિ પ્રાચીન એવા શ્રી રામદેવજી મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નેજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજપુર ગામ કુદરતી વનરાજીથી અને ડુંગરોની રળીયામણી કોતરોથી ઘેરાયેલું છે. જ્યાં આસ્થાના પ્રતીક એવા શ્રી રામદેવપીર ભગવાનનું મંદિર આવેલુ છે. અહિ દર વર્ષે મંદિરની આગવી ઓળખ એવા ભાદરવા સુદ-૯ (નોમ) બુધવારના રોજ નેજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસ દરમિયાન ભજન-કિર્તન, લોક ડાયરો અને સત્સંગનું આયોજન કરવામાં આવે છે. તેમજ સવારે ૮.૦૦ કલાકથી નેજા વધામણા, રામદેવીર ભગવાનના દર્શન તેમજ વિવિધ મંદિરમાંથી પધારેલ સંતોનું અને ભક્તોનું સ્વાગત કરવામાં આવે છે. તેમજ સૌ દર્શનાર્થીઓ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે.

નેજા મહોત્સવનું આગવો મહિમા હોવાથી આ દિવસે અરવલ્લી તથા સાબરકાંઠા તેમજ ગુજરાત રાજ્યના ભક્તો પગપાળા નેજા લઈને શ્રી રામદેવજી મંદિરે આવે છે. આજે અરવલ્લી જિલ્લામાં સતત અને અનાધાર વરસાદ વરસવા છતાં હજારોની સંખ્યામાં ભક્તો નેજા લીને ઉમટ્યા હતા તથા દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. રાજપુર ગામની આજુબાજુમાંથી મેશ્વો તેમજ ધુમણ નદી આવેલ હોવાથી ગામમાં જવાનો એક જ રસ્તો હોવાથી ડિપ ઉપરથી પાણી વહેતુ હોવા છતાં ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો હતો. ગ્રામજનોએ પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રાજપુર ગામને જોડતા રસ્તા ઉપરથી નદિઓ વહેતી હોવાથી રાજપુર ગામને નાની-ઈસરોલ ગામના રસ્તાથી જોડવામાં આવે. જેથી મંદિરે દર્શન કરવા આવતા ભક્તોને તકલીફોનો સામનો કરવો પડે નહિ.




(તસવીર : જય અમીન, મોડાસા)


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં ટ્રાફિક પોલીસનો સપાટો ટ્રાફિકજામ કરનાર વાહનચાલકો દંડાયા

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેશનથી બજાર ચોક સુધી રોજીંદી ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થતા ટ્રાફિક પોલીસે આજે વાહન ચાલકો સામે લાલ આંખ કરી હતી. દંડ વસુલ્યો હતો. પ્રાંતિજ શહેરમાં અનેક વિસ્તારમાં આડેધડ વાહનચાલકો દ્વારા વાહન તેમજ નાના વેપારીઓ દ્વારા લારીઓ ઉભી કરી દેવાતા ટ્રાફિકની સમસ્યા ભારે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. અવાર-નવાર ટ્રાફિકની સમસ્યા તેમજ ટ્રાફિક જામના પ્રશ્નો સર્જાતા રાહદારીઓ બારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. વારંવારની ટ્રાફિક સમસ્યા ઉભી થતા આખરે આજે પ્રાંતિજ ટ્રાફિક પોલીસ તંત્ર દ્વારા આળશ ખંખેરી શહેરના ભાખરીયા બસ સ્ટેશન, હનુમાન મંદિર અને મેન બજાર સુધીના માર્ગ પર અડચણરૂપ પાર્ક કરેલા વાહનો દૂર કરાવ્યા હતા. ઉપરાંત ટ્રાફિક પોલીસે ફેન્સી નંબર પ્લેટ, વગર નંબર પ્લેટ, તેમજ પાસીંગ વગરના વાહનનાચાલકો સામે કાર્યવાહી કરી સ્થળ પર જ દંડ વસુલ્યો હતો. જ્યારે બે બાઈક પણ ડીટેઈન કર્યા હતા.

# ભિલોડામાં લુંટ કરીને ફરાર થયેલ આરોપીઓને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી આરોપીની ધરપકડ

ભિલોડા,તા.૬ અરવલ્લી જીલ્લાના ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે આવેલ રાધાકુંજ કોમ્પ્લેક્ષમાં લુંટ કરીને ફરાર થયેલ આરોપીઓને ભિલોડા સી.પી.આઈ.એસ.જે.મોદી અને પોલીસે ફિલ્મી ઢબે ૩૦ કિ.મી.નો પીછો કરી લુંટ ચલાવનાર આરોપીની ધરપકડ કરેલ છે.ભિલોડા સી.પી.આઈ. એસ.જે.મોદીના જણાવ્યા મુજબ ગત સાંજે અજીત ઉર્ફે.ટીકીયો ચીમનભાઈ પારઘી રહે.અણસોલ, સુભાષ રહે.વેણપુર, શૈલેષ બુવડ રહે.કમઠાડીયા સહિત બે ઈસમો સ્કોર્પીઓ ગાડી નંબર. જી.જે.૯.બી.સી.૭૪૭૪, વર્ના ગાડી નંબર.જી.જે.૯.બી.સી.૭૧૧૪ માં લાકડીઓ,બેઝબોલ સ્ટીક લઈને આવ્યા હતા. આરોપી ઈસમ અજીત તથા તેના સાગરીતોએ સને.૨૦૧૩ માં મોહનપુર ગામ પાસે રોડ ઉપર ભિલોડા ચૌધરી ચોકના રહેવાસી રાહુલભાઈ પ્રદિપભાઈ ત્રિવેદી અને તેમના મિત્રને ગળદાપાટુનો માર મારી મારૂતી સ્વીફ્ટ કાર તેમજ રોકડ રકમની લુંટ કરેલ હતી.

ઈડર સેશન્સ કોર્ટમાં કેસ ચાલતો હોઈ તેની અદાવત રાખી ગત સાંજે રાધાકુંજ કોમ્પલેક્ષમાં અમિતભાઈ ત્રિવેદીની ઓફીસમાં રાહુલભાઈ ત્રિવેદી બેઠા હતા ત્યારે તેમના ઉપર હુમલો કરતાં ઓફીસનો સર સામાન વેરણ-છેરણ કરી નાખ્યો હતો.રૂા.૩૦૦૦/-ની લુંટ ચલાવી આરોપી ઈસમો બંન્ને ગાડીઓ લઈ ભાગ્યા હતા ત્યારે માર્ગ ઉપર મોટર સાઈકલને પણ ટક્કર મારી દીધી હતી. ભિલોડા સી.પી.આઈ. એસ. જે. મોદી અને પોલીસ સ્ટાફે ૩૦ કિ.મી. સુધી ફિલ્મી ઢબે આરોપીઓનો પીછો કરી ઈડર રોડ ઉપર મલાસા થઈ વાઘેશ્વરી તરફ ભાગતા આરોપી ઈસમોને પાદરા નજીક હાથમતી નદી પાસેથી વર્ના ગાડીમાંથી આરોપી ઈસમ નુતન રમેશભાઈ બુવડ રહેવાસી. કમઠાડીયાની ધરપકડ કરી હતી પરંતુ સ્કોર્પીયો ગાડીમાં બીજા બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેરમાં યુવા સંસ્થા દ્વારા ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જતા યાત્રિકોની સેવા માટે મેડીકલ કેમ્પ ખેડબ્રહ્માના પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મામલતદાર એચ.એન. મોદી, પી.એસ.આઈ. જી.કે. ઈસરાની, ચીફ ઓફિસર હરીશ અગ્રવાલ સહિત રાજકીય અગ્રણીઓ તેમજ યુવા સંસ્થાના પ્રમુખ બ્રિજેશકુમાર બારોટ ઉપસ્થિત રહ્યા હતા. યુવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું હતું કે આ કેમ્પમાં મેડીકલ સેવા, નાસ્તામાં બટાકાપૌઆ, છાસ તેમજ લીંબુ શરબત આપવામાં આવશે. ઉપરાંત સંસ્થાના હિતેન્દ્રસિંહ ચૌહાણ, પલ્લવ રાવલ, વિષ્ણુ પ્રજાપતિ સહિત ૮૦ સ્વયં સેવકો ૨૪ કલાક ખડેપગે પદયાત્રીઓની સેવા કરશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦